Copy Right P J Vajani

# સુરતની મઝા.



વેચનાર હરીલાલ અને પ્રાણલાલ બુકસેલર્સ

ઠે. [illegible] ઓફીસ સામે સુરત.

કીમત ... આના

# અમારાં પુસ્તકાલયમાં વેચાતાં પુસ્તકો

| | |
|---|---|
| ન્યુફેનોગ્રાફ ગાયનમાળા | ૦ ૮-૦ |
| જળસમાધી વા દેવીશારદા | ૦ ૮-૦ |
| ખ્યાલ સાગર કલગી તુર્ર | ૦-૮ ૦ |
| રાજા ભરથરી પાચ ચીત્રા | ૦-૮ ૦ |
| ખુની કોણ? છુપી પોલીસની વાર્તા | ૦-૮-૦ |
| બૃહદ ગરબાવળી | ૧ ૦ ૦ |
| આનતી મના પ્રખ્યાત ગાયનો | ૦ ૨ ૦ |
| મધુરી કોયલ ,, ,, | ૦ ૨-૦ |
| સુરતની મઝા ,, ,, | ૦-૨-૦ |
| હુરકા દીવાના ,, ,, | ૦ ૨ ૦ |
| મધુરી બસરી ,, ,, | ૦ ૨ ૦ |
| કનેયાની બસી ,, ,, | ૦ ૨ ૦ |
| પચ બાલીકા કરૂણા રમીક | ૦-૪ ૦ |
| પ્રભાત સગ્રહ | ૦ ૪-૦ |
| બીરબલ બાદશાહ ૧થી ૬ | ૦-૮ ૦ |
| વીનાગીની વામા સચીત્ર | ૩ ૦ ૦ |

| | |
|---|---|
| વીરસીંહની વીરતા | ૧-૪-૦ |
| ધી ઇગ્લીશ ટીચર | ૧-૮-૦ |
| ગવહરજાન | ૦-૬-૦ |
| સનમ ખાનચે ઇશ્ક | ૦-૬-૦ |
| છેલની વાર્તા સચીત્ર | ૦-૮-૦ |
| એકજ દાવ નાટક | ૦-૮-૦ |
| કબીર કૃષ્ણગીતા | ૧-૦-૦ |
| મહાભારત નાટક | ૦-૮-૦ |
| ભજન રત્નાકર | ૦-૬-૦ |
| કાળી વીજય ૧લો | ૦-૧૨ ૦ |
| કાળી વીજય બીજો | ૧-૪-૦ |
| ગજબાળા | ૦-૮-૦ |
| લગ્ન ગીત મણી માળા | ૦-૫-૦ |
| હુન્નર સાગ સમુદાય | ૦-૫-૦ |
| ગાધીજીનુ જીવન ચરીત્ર | ૦-૬-૦ |
| ગૃહવૈદ-વૈદનુ પુસ્તક | ૦ ૧૦ ૦ |

**ફેરીયાઓ જોઇએ છે થોડી મુડીયે મોટો લાભ**

વેપારી ભાવનુ સુચી પત્ર, અર્ધા આનાની ટીકીટ

બીડી મગાવો ઠા **હરીલાલ** અને **પ્રાણલાલ** બુકસેલર્સ

ટાવર રોડ તાર ઓફીસ સામે **સુરત**

# સુરતની મઝા.

**બલીરાજા--**

વશ કીધો તેં વીર મારો, જે ગુણીયલ ને બહુ સારો,
નથી વાંક જરા કાંઈ મારો, નણદલ તમ વીર ઠગારો,
રંગ મહેલમા હતી એકલી, આવી અડપલુ કરી ગયા
ચુંબન કરી, ભરી અંક મીલાવી, મોહન મનડુ હરી ગયા—નથી
વસંત જોબન પુલવાડીમા, ભુલો પડી ગયો ભમરો,
લાલચ આપી તે લલચાવ્યો, બધુ ડાહયો ડમરો—વશ.
શરમાળે મને શાન કરીને, કંચુકીની કશ છોડી,
હ્રદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી
—વદન ચન્દ્ર છબી રતી લજાવે, ભ્રકુટી કામણગારી,
બધુ મારો સરળ હ્રદયનો કળા અજબ છે તારી—વશ

**માલતી માધવ—**

નાનકડી નાજુક નાર, બહુ નાનકડી, બહુ નાનકડી,
મારા લાલાની છુ લાડકડી (૨) છુ લાડકડી (૩)
આખ તણે મટકે પટકુ છુ લાલને—
નાની શું સમજે એ વ્હાલાના વ્હાલને (હુ તો બધુંએ સમજુ છુ)
જાણી ભોળો ભરથાર, તુ બહુ માથે ચડી (૩) નાનકડી

## મહાશ્વેતા કાદમ્બરી.

શુ કહુ કથની મ્હારી રાજ, શુ કહુ કથની મ્હારી,
હુ તો દૈવના ત્રાસે હારી રાજ શુ કહુ.
પરખી પારી જાતિક મે, અર્પણ કીધુ મન મ્હારૂ
પતી તજી પરલોક સિધાવ્યા, કરી જીવતર મમ ખારૂ રાજ—શુ કહુ
ચદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે રાજ—શુ કહુ
અરપ્યુ મે સર્વસ્વ સ્વામીને, પ્રેમની કફની ધારી,
તજી જગત જ જાળ સર્વ હું, પ્રીતે ભજુ ત્રીપુરારી—રાજ શુ કહું

## મહાશ્વેતા કાદમ્બરી. —રાગ ભજન—

રામ ભજ તુ પ્રાણીયા તારા ભવની ભાવટ ભાગશે (૨)
“બોલો રામ સીતારામ” પખીડા તુ જો વિચારી
કર્મ તારા લેસ ભારી, વાસના નઠારી તુને રૈ રૈ નર્ક નાખશે-રામ
મૂઢ તે મતિ વિસારી, મતિ તેવી ગતિ તારી,
ઉડજે સભાળી તારી કચનની કાયા થશે—રામ

## મહાશ્વેતા કાદમ્બરી. —રાગ ભજન—

રૂપે શુ મન રાચોરે, કાયાનો રગ કાચોરે ભગવાન ભજો (૨)
હાડમાસને રૂધિર ભરેલુ, મઢયુ ચામડે અગ, (૨)
ગદા દેહનો ગર્વ નકામો, કાયાનો રગ પતગ,
ભરૂ નો નહીં સાચોરે કાયાનો રગ કાચોરે ભગવાન,—

## બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ—રાગ, ભજન—

વિષય વાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે,
ધર્મ મતિએ ધરણીધરનું, ધ્યાન ધૃતિથી ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભકિતનો ભરવા દે,
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે!
નાશવંત નર નામ છોડીને, અક્ષય વરને વરવા દે–વિષય૦

## બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ

દાસ પરે દયા લાવોરે, દયાળુ દેવા, દાસ પરે, દયા લાવોરે–ટેક.
સંસારી સંબંધ તોડી જીવ આપ ચરણે જોડી,
હું તો બની બેઠો, બાવો બાવોરે—દયાળુ
આંખો વિના સંકટ આવું, ખાડામાં ગોથાં ખાઉં,
વા'રે અવિનાશી આવો આવોરે—દયાળુ

## બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ.

આ તારા વચનો સારા, સ્નેહે સાંભળતા
શાન્તિ પામ્યું છે મન મારૂં રે આજે—આ૦
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચીન્તામણી, ધારૂં રે આજે!—આ૦
ભકિત ભગવાન કેરી કરતાં હમેશાજી,
થવાનું ત્વરાએ શુભ તારૂં રે શાણા—આ૦

## વીણાવેલી —: મીથ્યાભીમાન :—

અરે શુ માનવનો અભિમાન, પલકમા ટળી જશેરે,
અરે જેમ પીંપળ ઉપર પાન–પલકમા ખરી જશેરે
પલકમા ખરી જશેરે–માટીમા મળી જશેરે—અરે૦
ઘડી જીવતરમા ઘડી એક સુખની ના રે નથી;
મૂઢ મમતામા તોયે મરતા આ આ રે મથી.
પામર નર નાદાન અરે શુ.

કાયા કલેવર કારમુ છે ગંદકીનો ઘાડવો.
સમજુ જને સમજી જઇ અભિમાનને વણસાડવો
અભિમાન ફણિધરને નહિ દુધ પાઇને પે ધાડવો,
રાવણ સરિખા રાજવીએ લીધો નથી કઈ લાડવો

## દલપત ભજન. —રાગ ભજન—

મોહન તારી મોરલીરે, વૃજનારને વેરણ થઇ ! (૨) હે હરી.
કોમળ સુરે કાળજુ કોર્યું, ચીતડુ ચોર્યું વેરણ થઇ—મોહન.
કામ હવે તો કાઇ ન સુજે (૨) સાભળતા શત્રુ થઈ—(૨)
માતા પીતા તણી લાજુ તજીને, વૃદાવનમા ગઇ—મોહન.
વૃજનારને વેરણ થઈ, મોહન તારી મોરલીરે–તારી–મોરલી–(૨)
આવા આવા કારમા કામણ (૨) શામળા સીધા થઇએ–મોહન
દુખડા કેરા, ડુગર ડોળ્યા, મા બાપડી લ્યો પઈએ–મોહન
"દલપત" શ્રીહના દેવને મળવા (૨) ગોપીઓ ગોકુળ ગઇ–મોહન

## મહાશ્વેતા કાદમ્બરી

થઇ પ્રેમવશ પાતળીયા, મારા મનના માલીક મળીયારે  થઇ (૨)
પ્રીતે કરો મુખવાસ, સજનવા રાજ હૃદયના વાસી
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી મારા મનના મનોરથ પૂળીયારે  થઇ.
ભાગ્યવંત કર્યો ભગવતિ મુજને, જીવન સફળ થયુ મારૂ
કરો શ્રીહરિ શુભ તમારૂ, મારા મનના માલીક મળીયારે...થઈ.

## મહાશ્વેતા કાદમ્બરી.—

માલીકના બાળક સૌ, માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના સૌ બાજી એને હાથ—
રૂણાનુબધે આવી મળતુ, ખાધ્યુ નવ કોઇનાથી ખળતું,
જગત માત્ર તેને આધીન છે, અનાથના જેમ નાથ,
નહિ પીંડ આ પોતા તણો, પોતાનું કઇ નવ જાણવું,
સૌએ શુભાશુભ કર્મને પોતા તણુ જ પ્રમાણવુ—જગત.

## રાજા જશાવતસીંહ—કવ્વાલી.

અમર આત્મા અમારો છે, મરણ દરકાર શા માટે?
મરી જાણે જો જન્મીને, જીવન દરકાર શા માટે?
જગતમા પ્રાણી કૈં મરતા, મરીને જન્મતા પાછા,
બધા ઘટમાળમા પૂરતા, પછી તકરાર શા માટે?
ચૂક્યો જે લક્ષ જીવનનુ, ગયો તે જીદગી હારી,
જીવ્યો તે ના જીવ્યો જગમા, જીવનનો ભાર શા માટે?

**રાજા જશવંત સીંહ—કવ્વાલી—**

અભણ છુ હુ નથી લક્ષ્મી, ફકીરી હાલ મારો છે,
ગરીબોનો પ્રભુ બેલી, મને તેનો સહારો છે
હુ ઘાયલ છુ તમારા નયન બાણોથી તપાસી લ્યો
કે બાધી પ્રેમના પાટા, હસી દીલબર હસાવી લ્યો,
ચહો જો ધર્મ પત્ની તો ન છોડો ધર્મની રીતી,
વિના સદ્ધર્મ છે મિથ્યા, હૃદયના લગ્ન કે પ્રીતી
તમે તારક બન્યા છો તો, હવે તરણી તરી જાશે,
કે હાલી નીકળો બન્ને, થવાનુ જે હશે થાશે

**બલિરાજા**

આનદ મગળ ગાઓ, પરણાવી લેશુ લ્હાવો,
મારી વેવાણુ રસીલી જોડી શોભશે
નિરખી કન્યા કહેશો, મુખ જોઈ તાકી રહેશો—મારી
વાહ ઠીક મળ્યુ છે ટાણુ, એક લુલુ ને બીજુ કાણુ,
મળી વેવાઇને વેવાણુ, ફેરા ફેરાવોને ઝટ—આનદ
ફડાકિયા તમે જોશો, હોળીને દહાડે રોશો,
કેવી જાન જોડી હુ આવુ, દુનિયામા ડકો વાગશે—આનદ
તડાકીયા કહુ તમને, અતિ ઉમેદ મનમા અમને,
વાજા વગડાવુ જો જો, ફરશુરામનો ફડાકો—આનદ

**રાજા જશવત સીંહ—ભજન.**

મારા ભવની ભાવટ ભાગીરે, જોગીડા જુના,
લગની તુજ નામની લાગીરે જોગીડા જુના

વચનો ભેદ ભર્યા ભેદુના, હૈયા તુજ વિણ સુના,
આ કામણગારી નારીયે, શુ કામણ મુજને કીધુ !
તન દઇને મનડુ લીધુ રે, પણ દુ ખ વિયોગનુ દીધુ,
નીશદીન સાથ રહે સમજુના રે—જોગીડા જુના

**વીણાવેલી**

કાયા કાચો કુભ છે, જીવ મુસાફર પાસ,
તારો ત્યા લગી જાણજે, જયા લગી શ્વાશોશ્વાસ,
સદા સસારમા સુખ દુ ખ સરખા માની લઇએ,
રાખે જેવી રીતે રામા રગે તેવી રીતે રહીએ—સદા

સાખી { પીંપળ પાન ખરતા હસ્તી કુ પળીઆ,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆ

દશાના ઢગ રૂતુના રગ જેવા દેખી લઇએ—સદા

સાખી { કદી મેહલો ને માળીઆ, કોમળ છાપર ખાટ,
કોઇ દીન એવો આવશે, ભુખ્યે ન મળશે ભાત—સદા

**ઉદયભાણ—**

મન માયાના કરનારારે, જરી જોને તપાસી તારી કાયા,
પુછી જોને તુ પડીત પુરાણારે, કોના અમર છે લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા, છે માટીના લેખ બનાયા,
શાણા તો સમજી અગલ થયા, પણ બાલક બિચારા લપટાયા,
લાખોની પાખો ગઇ છે પીખાઇ, જેણે મૂછપર લીબુ ઠરાયા,
કાળના કો'વાડેથી કોણ બચ્યુ છે, ભલે રક કે હોય મહારાયા

સધ્યાના જેવા રગ સોનેરી, વધ્યાને લાડ લડ્યા,
જોબનને તન ધન તેવા સમજવા, પાણીમાના પડછાયા.

**અરૂણોદય.**

તમે જો જો ન વાયદા વીતાવજો,
પીયુ પહેલી પેસેજરમા આવજો,
હાર તોરાથી સ્વાગત્ શોભાવજોરે—પીયુ
સિલ્કની કીનાર કોઇક વાયલ આછેરા,
કોઇક નવા નાટકના અચ્છા ઓપેરા
થોડા હેન્ડબીલ હેરઓઇલના લાવજોરે—પીયુ.
એક હારમોન્યમ પેરીસનુ લાવજોરે,
આવવાનો તાર મને આગળથી આપજોરે,
તમે સામા સ્ટેશન પર સીધાવજોરે—પીયુ

**લીલાવતી**

અરજી સાભળોને સરકાર મુજને ગાઠતી નથી ઘરનાર
અગીયાર વાગે ઉઘમાથી ઉઠી, તરત તડકે જાય,
દાતણ કર્યાં વિના મોગરીને મુળા ખોળામા લઇને ખાય —અ
વાકુ ચુકુ બોલી વઢવુ ને રડવુ, કુઅડ રાડને રોજ,
ઘરમાથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ —અ.
પાડ પાડોશીને ડોશી ડોસાથી, લડી ચુકી લાખવાર,
પોતાના બાળકને નિત્ય બઝુડે, મારે મને પણ માર —અ.

રાખના ઢગલામા ફોરા અડદ્યા જેવુ, રાંડના મોઢાનુ રૂપ,
ભુત ભડકામણી મારે કુભારજા, ભડકી મરૂ છુ રે ભુપ–અ.
સુગરીના માળા સરખુ છે માથુ, વેત વેત લાબા વાળ,
ખણુતા જુવોના ટોકળા ખેરવે, પરસેવાની પડનાળ–અ.
હોળી દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ,
અગે ઓધરાળાને લુગડામા લીખો મારવાડ કેરી મઉ–અ.

**વિર કેશરી.**

આપ પાપડવાડીમા પધારજો લ્હેરીલાલ,
મહીસ્ની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રગરગીલા ચાલ મારી પાડોશમા તુલસી કયારાનુ નિશાન છે.
છજામા ! તુલસીના ઝાડનુ નિશાન છે–લ્હેરીલાલ.
અખડ ને અભગ આજ સાજ પહેલા પધારજો.
હડતાળવાળાનુતોફાન છે,જ્યા હડતાળવાળાનુતોફાનછે–લ્હેરીલાલ.
જોખમ ભરેલુ કામ પુરી પચાત છે, ધાસ્તી છે ! આફતમા
જાન છે, મારા બાપ ધાસ્તી છે–લ્હેરીલાલ.

**સુકન્યા સાવિત્રી—**

ના તરસાવ (૨) મધુકર ડંખ દઇ કયા ઉડે,
ફરી ફરી નહીં મળે આવો દાવ–ના તરસાવ
સ્નાન કરી લે તન સરોવરમાં,
કળશ કનકના ગૃહીને કરમા,
લઈ લે સુખનો લ્હાવ–ના તરસાવ

ઝાકળનુ 'જળ હોય ન મીઠું, જાણી જમશે કો' અજીઠું
તજ તુજ શ્વાન સ્વભાવ—ના તરસાવ

**સરસ્વતી ચન્દ્ર—** રાગ ભજન

અયસે પાપીનગ હોવેગે કલજુગમે
પગડી બાંધે પેચ સવારે, ઠુમક ઠુમક પાઉ દેગે
ગલીઓ કે બીચ ફિરે બાવરે—નાર પરાઇ પાપી તકતા ફિરેગે—
ભૂખે પ્યાસે સાધુ આવે, ચપટી ચુન ન દેગે
સાલા સસરા રોજ જમાવે, ભાઇઓસે પાપી રોજ લડેગે—
માત બહેનકો કછુ ન માને, મનમે ન પાપ ધરેગે
જબ રાજાકો દંડ પડેગો, રોક રૂપૈયા પાપી ગીનગીન દેગે—
લાલ સ્થભ લોહેકો ધખાઇ ઉસ્કે સાથ બંધેગે—
**તુલસીદાસ** ભજે ભગવાના, પાપ પૂન્ય દોનો સગ ચલેગે—

**સતીઅનસુયા—**

ત્રિભુવન પતિ તારનાર, વ્હાર કરો મા રી
વ્હાર કરો મારી હરિ, થાઓ સાહ્યકા રી—ત્રિભુવન૦
**દીનદયાળ** શરણે બાળ, કિકરીની લ્યો સભાળ,
પીડે છે પ્રાણીને પાપી દુષ્કાળ, પીવા મળે ન વારી—ત્રિભુવન.
ભુલી ગઇ મમ દેહભાન, સ્વામીની સેવામા લાગ્યુ તાન,
કયાથી કરાવુ હવે જળપાન, **પતિને સેવનારી**—ત્રિભુવન,

૧૧૫૯૨



**સરસ્વતી ચંદ્ર—**

શાંત સમાધી ધારી શું બેઠા, જાગો ઓ જોગી બાળા,
મ્હાર તમારે આવી ભીખારણ, ભોળી બિચારી બાળા,
ભૃષ્ટ કલંકિત પ્રેમથી વંચિત, સંચિત પાપની શામા,
વરથી વિખુટી વચનની જુઠી, ભાગ્યની ફુટી ભામા !
"ત્યાગી ઘરજન વનમાંહી આવી, રાત અંધારી ઘોરરે,"
"ભવ જંગલમાં ભૂલી ભમું, ત્યાં મળ્યા લુંટારા ચોરરે"
"લુટી શોભા સુખ અને લુંટયા સહુ શણગાર,"
"પછી પ્રજાળી પ્રેમદા, ધગધગતે અંગાર"
અલખ થયા શું યોગી મ્હારા, અલગ અલખ જગાવો,
શરીર સળગતાં, શેરા વિભુતિ, અંગની અંગ લગાવો,

**બુદ્ધદેવ** રાગ—ભજન,

સાર આ સંસારમાં ન જોયો, મે બહુરીતે તપાસતાં—સાર આ
ધન ધરા સુત તાતની પ્રીતે, મોંઘા અવસરને મે ખોયો—મે બહુ
મૃગજળ પીવા કામ ન આવે વ્યર્થ ઈન્દ્રજાળમાં હું મોહ્યો મે બહુ
પુણ્ય પરમાર્થનો માર્ગ ન શોધ્યો, જન્મને વૃથા મેં વગોવ્યો-મેં બહુ

**સતી અનસુયા—**

મેહમાન થયા તમે મારા, સ્વીકારશો મેહમાની
મેહમાન કરે મેહમાની દુનિયા કહે દીવાની, (૨)
ધરી, વસ્ત્રાભૂષણ અંગે કરો રમત ગમત અમ સંગે (૨)
ઝુઝીયે મદનના જંગે—સ્વીકારશો મહેમાની (૨)

જેવી નીર વિનાની સરિતા, તેવી વહાલા વીનાની વનિતા, (૨)
બીજી વ્યર્થ બધી મસ્તાની, દુનિયા કહે દીવાની, (૨)
કંઠે ધરો કુસુમની માળા, પહેરો નીલમનાહાર રૂપાળા, (૨)
શીર ઉપર મુગટ છોગાળા--સ્વીકારશો મહેમાની
જેના પતી વસે પરદેશે તેણે રહેવુ સાદે વેશે,-બીજી
વ્યર્થ બધી મસ્તાની, દુનીયા કહે દીવાની-મેમાન

**સરદારબા—**

**બસીવાલા** આજો રે મારો દેશ,
થારી સામરી સુરત પ્યારો બેસ—બસી૦
આવન આવન કહે ગયોજી, દે ગયો કોલ અનેક,
ગિણુતા ગિણુતા ધીસ ગઇ મોરી, આગરીયારી રેખ,
સાવરીઆ, રસીલા સલુણા પીયાપે જીયામે કરૂ એ નીસાર
હમતો જોગી પ્રેમ કે'રે પ્રેમ હમારો દેશ
સુધ નહી પાઈ પીયુકી, તબ લીનો આ બેસ-થારી

**સતી અનસુયા**

મારે મોઢે મનાવી રાજી કહેવરાવી, કલાવી પટાવી પૂછો શુ તમે
ફુલ સુગધીવાળા રૂડા રગે રૂપાળા, તેની મીઠી સુગધી કોને
ના ગમે?

લીલા પીળા ઝાડ પાન, ઉપર પખી કરે ગાન,
રોજ કાને સાભળવા કોને ના ગમે (૨)

વાહ, કેવી છે શાણી, બોલે મધુરી વાણી,
ડાહી ડમરીના બોલ મારા મનમા રમે—

**અનસુયા** **રાગ ભરવી**

નહીં ચીજ કોઇ ગળી, ગરજ સમ નહીં ચીજ કોઈ ગળી,
માનવત નીજ માન મૂકી, દુશ્મનને પડતા ઢળી—ગરજ.
બળીયા પણ નિર્બળને નમતા રાય રંક ઘર જાય,
સોઘુ પણ મોઘુ થઇ બેસે, કળા શકાય ન કળી ગરજ
સમયાધીન થઇ ઝેર હળાહળ, પીવુ અમૃત ગણી,
**જઇ લહાસતીને શીષ નમાવો, જાય આપદા ટળી-ગરજ**

**બોલતો કાગળ—**

ફૂલણજી ફૂલોમા ઝાઝા, ફૂલ્યુ ફુલ ફુલી કરમાશે
ફૂલી કરમાશે, ખીલેલુ આખર ખરી જાશે,
સરખા દિવસ ન ગયા કોઇના તેમ નહિ જાશે,
રેંટ તણી ઘટમાળ ભરાશે, ભરાઇ ઠલવાશે
"ઉજળુ એ સહુ દુધ" આજ અભિમાને દેખાશે,
જ્યારે પડશે કાળ ઝપાટો, ત્યારે સમજાશે—

**ભર્તૃહરી—**

અલેખ જગાકે દ્વારે ખડા જોગી
એ સ્વામી બીન અન્ય ન કોઇ આયો માગન મમ ભોગી—અલેખ

**સુકન્યા સાવિત્રી**

લાગી લગન મને તારી, ઓ લલના ! લાગી—(૨)
સુરપતી ! મતિ શુ વિસારી ? ઓ—લલના !—લાગી

સુદકી શચિથી, અધિક સુખ આપુ
પટરાણી કરી સ્થાપુ, ઉથાપુ ન વચન મનોહારી–ઓ –

**સાચો સન્યાસ**

દેશનો જો ઉદ્ધાર ચાહો, થઇ સચેત વધો, આવો સહુ–
જે પ્રજામા આત્માશ્રદ્ધા છે જરી ના, તે શુ પામે ?
બીજી પ્રજાઓ એને દબાવે માટે નિર્બળ દિલે ન થાઓ–

સાખી–

જે દેશમા જન્મ્યા થકી, આ ધન્ય જીવન થાય છે,
જે દેશમા પૂર્વજ તણા, પુણ્યો તણી સરિતા વહે,
જે દેશના ધન ધાન્યને, કીર્તિથી પોષાયા તમે,
તે દેશ કાજ સમર્પતા, અથકો અરે કા દેહને,

ખોયુ નિજ ધન રોયે ન આવે
પારકી આશા સદાય ફસાવે

માટે દીન મટી સીંહ થાઓ–થઇ સચેત

**એકુજ ભૂલ**

છે સદા સમય પાપેથી છુટવા, શીદ ડરે નાદાન ?
શીદ ડરે નાદાન ? કઇક તો સારી શીખામણ માન (૨) છે સદા.
જેમ પાપથી ઝળકે મોહી, દોડે તુ ભૂલી ભાન,
તેમ પ્રભુને સહેજ પકડય તો થાય પરમ કલ્યાણ–છે સદા૦

સાખી
જીવ મુસાફર શરીર હોડીને, છે મનરૂપી સુકાન
મનથી મરવુ મનથી તરવુ, મનપર રાખ નીસાન
કર્યું એટલુ નાખ કુવામા, આજથી તજ તોફાન,
માડય ચાલવા સીધે મારગે, આજથી થઈ સાવધાન છે સદા

## મતલબી દુનીયા

સબ મતલબકે યાર, જગતમે સબ મતલબકે યાર,
માત પિતા ભ્રાતા ભગિની સુતા ઔર નિજ નાર—જ.
સ્વજન કુટુંબી મિત્ર પ્રાણુ પ્રિય, દાસ દાસી પરિવાર
રાજા પ્રજા ગરીબ તવગર, પંડિત ઔર ગુમાર—જ.
જોગી ભોગી અરૂ બૈરાગી, ચોર અરૂ શાહુકાર,
પતિવૃતા અરૂ કુલટા નારી, વર્ણાશ્રમ શુભચાર,—જ-
પશુ પંખી જલ જંતુ કીટ મૃગ, જીવ યોની અપાર,
સ્વારથ બીન કોઈ પાસ ન આવે, કરે ન કછુ ઉપકાર—જ.
નિસ્વારથ કોઇ હરિકે પ્યારે, જીનકે હૃદય ઉદાર,
જિનકો પર ઉપકાર સદા પ્રિય, તિનપર મે બલીહાર—જ

## પૃથ્વી પુત્ર-ભગવતી અને સખીઓ

નવીન પ્રેમરસભીની મૃગનયની, ભાન તુ કયા ભૂલી આવી,
શાણી સલુણી મદન મદ ભીણી, કોણે તને ભરમાવી બ્હેન ભાનતું.
સરવર તટપર જળક્રીડાએ, સહજ સખી એતો આવી,
ચંપક છાયે ઉભી રહી, એને લોગીએ ભરમાવી,
અરસપરસ અમ આખ મળી, મને લોચનીયે લલચાવી-બ્હેન.
માર્ગે જતા મળ્યો મધુકર, નિકટ ગઇ અણુજાણી,
મદભર રસીકા રસ લુંટતા, રસ ઘેન મહીં ઘેરાણી
મન ગમતાની મોજમજામા, ફુલવેલી વીખરાણી
બ્હેન ! ભાન તુ ત્યા ભૂલી આવી

નંદ-બત્રીસી—

કોમળ કાયા કાં કરમાવો, **બાઈ ભભુત્તિ ચોળી,**
હવે ભભુતી સુજને વ્હાલી, દેહ દઉં રગધોળી,
પ્રીત ગઇ જ્યાર પ્રીતમની આશ ઉડી ગઇ આ અંતરની,
**રૂપરંગ દઉં રોળી**—કોમળ

સુંદર શરીરે શોભે બા, હીરાના હાર રૂપાળા,
પ્રેમ દોરીએ અશ્રુ પારલા, પરોવી પહેરૂં માળા,
કંથ કૃપા વીણુ જોગણુ થાઉં નાથ નામની ધુન લગાઉં,
**પ્હેરી કંથાઝોળી**—કોમળ

## —સમાપ્ત.—

સંગીત **રાજા ભરથરી** સચીત્ર

ભરથરી પીંગળાના નવાં—સિનેમા ઉતારા રાજા ભરથરી



મળે પ્રાણલાલ બુકસેલર્સ ટાવર રોડ તાર ઓફીસ સામે સુરત

**ફકત નવ આનાની ટીકીટ બીડો**

વી. પી. થી મંગાવનારને તેર આના થશે. સાથ વીગત લખી અગાઉ મગાવ

છપાવી પ્રસિદ્ધ કર્તા—પ્રાણલાલ નારાણદાસ બુકસેલર્સ તાર ઓફીસ સામે

**સુરત** ગોપીપુરા નાગરવાડા માં છાપવામાં આવ્યા **શ્રી 'અનાવિલ**

પ્રી૦ પ્રેસમાં પ્રિ. ભાઈ ભોગીભાઈ નાયક ગણ્યું